# ગાંધીનગરમાં ઈન્ડિયન લાયન્સની ૨૦મી નૅશનલ કૉન્ફરન્સ યોજાઈ

ગાંધીનગર, તા. ૮

સ્વદેશી અને રાષ્ટ્રવાદી સંસ્થા ઈન્ડિયન લાયન્સના સુવર્ણ જયંતી વર્ષનો પ્રારંભ તથા પદનામિત નેશનલ ચેરપર્સન ઈન્ડિયન લાયન આશા હિતેષ પંડ્યાના પદગ્રહણ સમારોહ સાથે ૨૦મી નેશનલ કોન્ફરન્સનું આયોજન તાજેતરમાં ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું હતું.

ગુજરાતભરમાં ૭૮થી વધુ ક્લબ્સનો સંગઠનાત્મક વ્યાપ ધરાવતી ઈન્ડિયન લાયન્સનો ઉદય બીજી જુલાઈ, ૧૯૯૫ના રોજ વડોદરામાં થયો હતો, ૨૦૧૯એ તેનું રજત જયંતિ વર્ષ છે.

આ વર્ષે નવા વરાયેલા ચેરપર્સન આશા હિતેષ પંડ્યાની હોમ ક્લબ ઈન્ડિયન લાયન્સ ક્લબ સ્વર્ણિમ ગાંધીનગરહોવાથી ૨૦મી નેશનલ કોન્ફરન્સનું યજમાન પદ સ્વર્ણિમ લાયન્સ-લાયોનેસે શોભાવ્યું હતું.

ઈન્ડિયન લાયન્સના તત્કાલિન ચેરમેન અને મુખ્યમંત્રીના જનસંપર્ક અધિકારી હિતેષભાઈ પંડ્યાના અધ્યક્ષ સ્થાને યોજાયેલા આ વિશિષ્ટ સમારોહમાં ગુજરાતભરની ૩૦ ક્લબના ૨૫૦ જેટલા પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. નેશનલ કોન્ફરન્સના કન્વીનર અક્ષયભાઈ ઠક્કર દ્વારા કોન્ફરન્સની રૂપરેખા આપવામાં આવી હતી. રાધેશ્યામ યાદ અને શિલ્પાબેન દેસાઈ દ્વારા સ્વાગત પ્રવચન કરવામાં આવ્યું હતું.



ત્યારબાદ ઉપસ્થિત ક્લબના પ્રતિનિધિઓ દ્વારા બેનરનું પ્રેઝન્ટેશન કરવામાં આવ્યું હતું. સ્થાપક કૌશિકભાઈ બુમિયાએ પોતાના પ્રવચનમાં એક નાનું બીજ કઈ રીતે વટવૃક્ષ બની જતું હોય છે તેને ઈન્ડિયન લાયન્સના વિકાસ સાથે સરખાવીને સમજાવ્યું હતું.

વર્ષ ૨૦૧૯-૨૦ માટે અક્ષયભાઈ ઠક્કરનો વાઈસ ચેરમેન તરીકે ચૂંટાયેલા જાહેર કરવામાં આવ્યા હતા.

બાદમાં હિતેષભાઈ પંડ્યાએ પોતાના ગત વર્ષના કાર્યકાળ દરમિયાન ઉત્કૃષ્ટ કામગીરી કરનાર વિવિધ ક્લબને ઍવોર્ડ્ઝ અર્પણ કર્યા હતા.

પદનામિત ચેરપર્સન આશાબેન પંડ્યા ઉપરાંત તેમની સમગ્ર ટીમે આ સમારોહ અંતર્ગત શપથ પણ ગ્રહણ કર્યા હતા.

શપથવિધિ બાદ ચેરપર્સન પદેથી બોલતાં આશાબેને જણાવ્યું હતું કે યુવાનોને આપણી સંસ્કૃતિ અને આપણા સંસ્કારમાં પલોટવા પડશે. તેમણે ઈન્ડિયન લાયન્સની સ્ત્રીશક્તિને આ દિશામાં કામ કરવાનો અનુરોધ કર્યો હતો.

પદગ્રહણ બાદ ભવ્ય ચેરમેન્સ બેન્ક્વેટ તથા સિલ્વર જ્યુબિલી સોલિબ્રેશનનું આયોજન કરવામાં આવ્યું હતું.

સમારોહના અંત ભાગમાં નેશનલ સેક્રેટરી કુંપલ દવે દ્વારા આભાર દર્શન કરાયું હતું.

બે દિવસના સમગ્ર કાર્યક્રમો ધૈવતભાઈ શુક્લ અને સુભાષભાઈ પંચોલીના આયોજનમાં થયા હતા.

### શ્રી જય અંબે પરિવાર દ્વારા

# ભવ્ય ત્રિદશાબ્દિ ભક્તિ વંદના મહોત્સવનું આયોજન

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગરથી પગપાળા અંબાજી પદયાત્રા કરતા જય અંબે પરિવારે પોતાની કારકિર્દીનાં ૩૦ વર્ષ પૂર્ણ કર્યાં છે. આ નિમિત્તે ટ્રસ્ટની પ્રારંભિક સહકાર ચિંતન બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.

બેઠકના પ્રારંભે પનઘટ સંસ્થાના પ્રમુખ ભાવિન પટેલના નિર્દેશનમાં મિતિ ભટ્ટ અને ધરતી કંદોઈ દ્વારા ગણેશ વંદનાની પ્રસ્તુતિ કરવામાં આવી હતી.

ટ્રસ્ટના પ્રમુખ લલિતભાઈ પટેલે સ્વાગત પ્રવચન કર્યું હતું, જેમાં તેમણે ત્રિદશાબ્દિ ભક્તિવંદના મહોત્સવ અંતર્ગત શિવશક્તિ મહાયાગ યોજવા સૌને સક્રિય સહયોગ આપીને સાથી અને સારથી બનવા આહ્વાન કર્યું હતું.

આ બેઠકમાં પરિવારના વિતેલા ત્રણ દાયકા પૈકી રજત જયંતિ મહોત્સવની સફળ ઝાંખીને કંડારતી વિડીયો ક્લિપ દર્શાવવામાં આવી હતી.

ત્રિદશાબ્દિ ભક્તિ વંદના મહોત્સવ દરમિયાન વિવિધ કાર્યક્રમોનું આયોજન પરિવાર દ્વારા કરવામાં આવ્યું હતું.

૧૬મી જુલાઈ ને મંગળવારે ગુરૂપૂર્ણિમાની પવિત્ર રાત્રિએ જગદંબા ભક્તિ સ્વાધ્યાયમાં વિશે ભાવવંદના જગદંબાને અર્પણ કરવામાં આવશે.

૧૦ ઑગષ્ટથી ૧૨ ઑગષ્ટ દરમિયાન સોમનાથ મહાદેવ જ્યોતિર્લિંગનાં દર્શનાર્થે જઈ ભાવવંદના અર્પણ કરવામાં આવશે. શ્રાવણ માસના અન્ય એક સોમવારે ગાંધીનગરથી વાસન સુધી પદયાત્રાનું આયોજન પણ કરવામાં આવ્યું છે.

૩ સપ્ટેમ્બર ને મંગળવારથી તા. ૯ સપ્ટેમ્બર, સોમવાર સુધી ગાંધીનગરથી અંબાજી સુધી જય અંબે પરિવારની ૩૧મી પદયાત્રામાં મહોત્સવની સફળતા અર્થે વિશેષ ભાવવંદના કરાશે.

૨૯મી સપ્ટેમ્બર ને રવિવારથી આસો નવરાત્રીના પ્રથમ નોરતે સવારે ૮થી ૧૦ કલાકે પરામ્બા શક્તિ મા અંબા, ભોળાનાથ તથા અન્ય સર્વ દેવગણને મહોત્સવની આમંત્રણ પત્રિકા 'કંકુ છાંટી કંકોતરી' અર્પણ કરવામાં આવશે. તા. ૧૩મી ઑક્ટોબરના રોજ શરદપૂર્ણિમાની સાંજે સૅક્ટર-૧૩ બી ખાતો જય અંબો પરિવાર ટ્રસ્ટના કાર્યાલય સામેના શક્તિ ચૉકમાં સમૂહ સ્વાધ્યાયનું આયોજન કરવામાં આવ્યું છે. તા. ૩જી નવેમ્બર ને કારતક સુદ ૭ના શુભ મુહૂર્તે અંબાજી ખાતેથી માના નીજ મંદિરની જ્યોત પરિવારની યુવા ટીમ દ્વારા ગાંધીનગરમાં લાવવામાં આવશે.

તા. ૪થી નવેમ્બરના રોજ બપોરે આ જ્યોતનું વાજતેગાજતે સ્વાગત, પૂજન અને આરતી કરાશે. ત્યારબાદ શોભાયાત્રા થકી શક્તિ ચૉક ખાતે યજ્ઞમંડપમાં સાંજે ૫.૩૦ કલાકે સ્થાપન કરવામાં આવશે. રાત્રે સાંસ્કૃતિક કાર્યક્રમો યોજવામાં આવશે.

પાંચમી નવેમ્બર ને મંગળવારના રોજ સવારે ૭.૩૦ કલાકે વિરાટ જળકળશ યાત્રા નીકળશે, જેમાં કૈલાશ માનસરોવરથી લાવવામાં આવેલા પવિત્ર જળ ઉપરાંત સોમનાથ સહિતના અન્ય જ્યોતિર્લિંગથી એકત્ર કરેલ જળકુંભોનું યજ્ઞમંડપમાં સવારે સ્થાપન કરવામાં આવશે. સાથોસાથ યજમાનોની દેહશુદ્ધિની પ્રથમ વિધિનો આરંભ થશે.

બપોરે ૩થી સાંજે ૬ દરમિયાન ભાવનાબેન ગોકલાણી ને મહિલા મંડળો દ્વારા આનંદના ગરબાનું અને રાત્રે અશ્વિનકુમાર પાઠકજીના સ્વમુખે સુંદરકાંડના પાઠનું આયોજન કરાયું છે.

૬ઠ્ઠી નવેમ્બરે શિવશક્તિ મહાયાગની ધાર્મિક વિધિ, નવાર્ણ મંત્રલેખન અને શક્યતઃ સાંઈરામ દવે ડાયરાની જમાવટ કરશે.

૭મી નવેમ્બરે શિવપંચક પૂજન, છપ્પન અન્નકૂટ અર્પણ સાથે આરતી અને ચંડીપાઠ આવર્તન કરવામાં આવશે.

૮મીએ તુલસી વિવાહ તથા ૯મીએ મહારક્તદાન શિબિર અને રોગ નિદાન શિબિર તથા રાત્રે સમૂહ રાસ-ગરબા કાર્યક્રમ યોજાશે.

૧૦મી નવેમ્બરે ચુંદડીવાળા માતાજીની ઉપસ્થિતિમાં શિવશક્તિ મહાયાગની પૂર્ણાહુતિ કરાશે.

# સંસ્કૃત મૂર્ધન્ય ડૉ. યોગિનીબેનનું સાહિત્ય ગૌરવ પુરસ્કારથી સન્માન



સંસ્કૃત સાહિત્ય અકાદમી અને સંસ્કૃત ભારતીના સહિયારા ઉપક્રમે તાજેતરમાં યોજાયેલા સંસ્કૃતોત્સવમાં રાજ્ય સરકાર દ્વારા ગાંધીનગરના પ્રાધ્યાપક ડૉ. યોગિનીબેન વ્યાસનું રાજ્યપાલ ઓ પી કોહલી દ્વારા સાહિત્ય ગૌરવ પુરસ્કારથી સન્માન કરવામાં આવ્યું હતું. ડૉ. યોગિનીબેન વ્યાસ ઉમા આર્ટ્સ ઍન્ડ નાથીબા કૉમર્સ મહિલા કૉલેજ, કડી પરિસર ખાતે છેલ્લાં ૨૮ વર્ષથી પોતાની સેવાઓ આપી રહ્યાં છે. નગરના વિદ્વત જનો તરફથી અભિનંદનનો પ્રવાહ તેમના તરફ વહી રહ્યો છે.

## સ્મિત મ્યુઝિક દ્વારા વયસ્ક ગાયકોને સિંગિંગ શોમાં ભાગ લેવા આમંત્રણ

ગાંધીનગર, તા. ૭

સ્મિત મ્યુઝિક, ગાંધીનગર દ્વારા સિંગિંગ શોનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં ભાગ લેવા વયસ્કોને આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

આ અંગેની એક અખબારી યાદીમાં જ્યોતિ-ભરત ગજ્જર દ્વારા જણાવવામાં આવ્યું છે કે મહંમદ રફીની પુણ્યતિતિ નિમિત્તે ડૉ. આંબેડકર હોલ ખાતે તા. ૨૭ જુલાઈના રોજ રાત્રે સિંગિંગ શો 'રફી કી યાદ, મુકેશ-કિશોર ભી સાથ'નું આયોજન કરવામાં આવ્યું છે. આ શોમાં વયસ્ક ગાયક, ગાયિકાઓ જોડાઈ શકશે. આ હેતુ સ્મિત મ્યુઝિક, ગાંધીનગરનો સંપર્ક (મો. ૯૬૬૨૦ ૨૩૧૩૫) કરવા તેમણે વધુમાં જણાવ્યું છે.

જન્મદિનો વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

## જન્મદિને વધામણી



મંજુલાબેન એ ભટ્ટી
મો. ૭૯૮૪૯ ૮૨૧૧૪



જયદીપ વિષ્ણુભાઈ સાધુ
મો. ૯૯૯૮૩ ૬૩૬૦૦



ઊર્મિલા એલ શર્મા

### અનિકેત ખાંડેકર સહિત સૌ ગાયકો મન મૂકીને વરસ્યા

# 'કલાગુર્જરી' આયોજિત એક અવિસ્મરણીય કાર્યક્રમ 'અલબેલા સજન'

તા. ૬ જુલાઈ, શનિવાર. એક તરફ લોર્ડ્ઝ (યુકે)ના ગ્રાઉન્ડ પર વર્લ્ડ કપની લીગ મેચમાં રોહિત શર્મા ચોગ્ગા-છગ્ગા સાથે ધૂંઆધાર બેટિંગ કરીને પ્રેક્ષકોને રાજી કરી દેતો ભારતીય ક્રિકેટ ટીમને વિજયપંથે લઈ જઈ રહ્યો હતો...

એ જ વખતે ગાંધીનગર ટાઉનહૉલના તખ્તા પર પણ દિગ્ગજ શાસ્ત્રીય ગાયક, અનેક નવોદિત ગાયક કલાકારોને તાલીમબદ્ધ કરી આગળ લઈ જનાર - 'ગુરુજી' શ્રી અનિકેત ખાંડેકર, નીરજ પાઠક જેવા નીવડેલા તથા અન્ય ઉભરતા ગાયકોની સાથે તેમની ધૂંઆધાર ગાયકી થકી, નગરના સંગીતપ્રેમીઓને ખુશ-મંત્રમુગ્ધ કરી રહ્યા હતા.

યસ. વાત છે નગરની જાણીતી કલાસંસ્થા કલાગુર્જરી આયોજિત અનોખા ફિલ્મી મ્યુઝિકના પ્રોગ્રામ 'અલબેલા સજન'ની. આ કાર્યક્રમની વિશેષતા હતી વિવિધ શાસ્ત્રીય રાગો આધારિત જાણીતાં, લોકપ્રિય હિન્દી ફિલ્મી ગીતો.

શાસ્ત્રીય રાગ આધારિત ઓલ ટાઈમ હિટ હિંદી ફિલ્મી ગીતોની પ્રસ્તુતિ હોય, પ્રથમ પંક્તિના શાસ્ત્રીય સંગીતજ્ઞ અને ગુરુજી અનિકેત ખાંડેકર, વૉઈસ ઑફ કિશોરકુમાર તરીકે વિખ્યાત કુશલ ગાયક ભાઈ નીરજ પાઠક સાથે 'નાનો પણ રાઈનો દાણો' જેવી સુરિલા, કેળવાયેલા કંઠની સ્વામિની પ્રથા ખાંડેકર તથા વૉઈસ ઑફ મહંમદ રફી તરીકે જામી રહેલો યુવા ગાયક કિરાત શુક્લ હોય અને પંકજ પાઠકજીનું સંગીત સંચાલન તથા સોનામાં સુગંધની જેમ લિપિ ઓઝાનું સુંદર સંચાલન હોય, પછી કાર્યક્રમ શ્રેષ્ઠતા-ગુણવત્તાવાળો બની જ રહે ને !

કલાગુર્જરીને આવા સુંદર, મનભાવન, મનલુભાવન મ્યુઝિકલ પ્રોગ્રામથી તેના નવા વર્ષની ઈનિંગનો શુભારંભ કરવા બદલ અભિનંદન.

ફિલ્મ 'અનુપમા'માં સ્વર સામ્રાજ્ઞી લતાજીએ ગાયેલ રાગ ભીમપલાસીમાં હેમંતકુમારે સ્વરબદ્ધ કરેલગીત 'કુછ દિલને કહા...'ની રજૂઆત સાથે કાર્યક્રમને જોરદાર ઉઘાડ ને ઉપાડ આવ્યો. ક્રિકેટ મેચમાં ઓપનિંગ બેટ્સમેન પણ પહેલી ઓવર સ્ટેડી પ્લે કરતો હોય છે. પણ અહીં તો પ્રથા ખાંડેકરે જાણે પહેલા જ ગીતથી ફોર ફટકારીને કાર્યક્રમનો સ્કોર વધારી દીધો !

તો પછીના ક્રમે આપણા સૌ માટે જાણીતું, માનીતું નામ નીરજ પાઠકે રાગ માલગુંજી આધારિત સફર ફિલ્મનું ઈન્દિવર લિખિત અને કલ્યાણજી-આણંદજી દ્વારા સ્વરબદ્ધ કરાયેલ એવું જ જાણીતું, માનીતું ગીત 'જીવન સે ભરી તેરી આંખે...' લઈને આવ્યા. એઝ યુઝવલ અતિ સાહજિકતાથી મસ્તીભર્યા અંદાજમાં પેશ કરીને ભાઈ નીરજે પણ સ્કોરને આગળ વધાર્યો. પછી વારો આવ્યો ગાંધીનગરના સંગિત રસિયાઓ માટે થોડા નવા પણ વૉઈસ ઑફ મહંમદ રફી તરીકે હળુ હળુ જમાવટ કરી રહેલા આશાસ્પદ ગાયક ભાઈ કિરાત શુક્લનો. એણે પણ કમાલ કરી. રાગ માલકૌંસમાં, મ્યુઝિક ડિરેક્ટર ચિત્રગુપ્તે ફિલ્મ બડા આદમી માટે સ્વરબદ્ધ કરેલું ગીત 'અખિયન સંગ અખિયાં લાગી આજ...' સરસ-હૂબહૂ ગાઈને તાળીઓ મેળવી અને પોતાના કેળવાયેલા કંઠનું શાસ્ત્રીય ગાનની કુશળતાનું પ્રમાણ આપી દીધું.

'અલબેલા સજન'ના સુગંધી ગુલદસ્તામાંના આ પહેલાં ત્રણ ચૂંટેલાં પુષ્પો-ગીતોએ વાતાવરણ મસ્ત સુરીલું બનાવી માહોલને મહેકાવી-બહેકાવી દીધો.

પણ ત્યાર પછીની પ્રસ્તુતિમાં ગુરુજી અનિકેત ખાંડેકરે તો મજા મજા કરાવી દીધી. રાજસ્થાનની ધરતીની મહેંકસભર 'માંડ' આધારિત અતિ પ્રચલિત ગીત 'કેસરિયા બાલમ, પધારો મ્હારે દેશ રે...'ને એના પૂરા ક્લાસિકલ ટચ સાથે રજૂ કરી ઓડિયન્સને ડોલાવ્યું, માનો સિક્સર જ ફટકારી અને



કલાગુર્જરીના શાસ્ત્રીય રાગો આધારિત ગીતોના પ્રસ્તુત કાર્યક્રમને જબરદસ્ત હાઈટ પર મૂકી દીધો હતો.

'ઈ મોડ સે જાતે હૈં કુછ સુસ્ત કદમ રસ્તે...' ફિલ્મ આંધી માટે ગુલઝાર સાહેબ લિખિત, પંચમદા-આરડી બર્મન સ્વર નિયોજિત ડ્યુએટ પ્રથા ખાંડેકર-અનિકેત ખાંડેકરની રજૂઆત હોય કે કિરાત શુક્લએ ગાયેલું ફિલ્મ કોહીનૂરનું નૌશાદજીએ કંપોઝ કરેલું હિંદી ફિલ્મ ઈન્ડસ્ટ્રીનું શ્રેષ્ઠ ગીત 'મધુબન મેં રાધિકા નાચે રે....' (રાગ હમીર) હોય અથવા રાગ આશાવરી આધારિત, પંચમદાએ સ્વરબદ્ધ કરેલ પ્રેમ-લાગણીથી છલકતું નીરજ પાઠકે પ્રસ્તુત કરેલ કિશોરદાનું યાદગાર ગીત 'હમેં ઔર જીને કી ચાહત ન હોતી, અગર તુમ ન હોતે...' હોય કે પછી કવિ ભરત વ્યાસ રચિત ફિલ્મ સ્વર્ણ સુંદરીનું વિવિધ રાગોની રાગમાલા મઢ્યું ફિલ્મી ગીતો પૈકીનું શિરમોર ગીત 'કુહૂ કુહૂ બોલે કોયલિયા...' અનિકેતજી અને પ્રથાજી દ્વારા માસ્ટર પીસ પ્રસ્તુતિ હોય... કાર્યક્રમ એની ઊંચાઈઓને આંબતો ગયો... શ્રોતાઓની વાહ વાહ, ક્યા બાત હૈ... બહોત ખૂબ... વન્સમોર ને તાળીઓથી ગૂંજતો રહ્યો.

સંગીત - એમાંય ક્લાસિકલ, સેમી ક્લાસિકલ સંગીત દિલને સ્પર્શી જતું હોય છે, મન-ચિત્તને પ્રસન્નતાથી ભરી દેનારું હોય છે. એમાં શાસ્ત્રીય રાગો આધારિત સિલેક્ટેડ-એક્સ્ટ્રા ઓર્ડિનરી ગીતો હોય, પંકજ પાઠકનું પરફેક્શનવાળું સંગીત સંચાલન હોય, સુરમધુર-કુશળ ગાયકો અને વાદ્યકારો તથા સાંભળવું ગમે એવું લાઘવપૂર્ણ છતાં રોચક માહિતીપ્રદ એન્કરિંગ હોય પછી પૂછવું જ શું ? એક તરફ એક સે બઢકર એક ગીતોની જમાવટ થઈ રહી હતી તો બીજી રફ સંચાલિકા સુશ્રી લિપિ ઓઝા દ્વારા બે ગીતો વચ્ચે તેના રાગ વિશેની, ગીતના ગાયક, મ્યુઝિક ડિરેક્ટર, ગીતકાર, નિર્માણ સાથે સંકળાયેલી રસપ્રદ, ન જાણેલી માહિતી-પ્રસંગોની વાતો સરસ કોમેન્ટ્સ સાથે, શુદ્ધ ને ફ્લુઅન્ટ હિંદીમાં, ગીતોની પ્રસ્તુતિમાં જરાય રસક્ષતિ ન પહોંચે એ રીતે પીરસાતી રહી તે પણ કાર્યક્રમનું જમા પાસું બની રહ્યું. આગળના દૌરમાં ફરી આવ્યા અનિકેતજી. શંકર-જયકિશનના સંગીત નિર્દેશનમાં ફિલ્મ બૂટપોલિશ માટે રાગ મલ્હારમાં મન્ના ડેએ વર્ષાને આહ્વાન કરતું ગાયેલું ગીત 'લપક ઝપક તુ આ રે બદરવા...' તાન-પલ્ટા, આરોહ-અવરોહ સાથે ગવાયેલા ગીતે ડેવિડજી પર ફિલ્માવેલાં દશ્યો, સ્મરણપટ પર તાજાં કરી દીધાં... નીરજ પાઠક પ્રસ્તુત ગીત મેરે નૈના સાવનભાદો... (ફિલ્મ હેબૂબા, રાગ શિવરંજની, સંગીતકાર આર ડી બર્મન)ને પણ પ્રેક્ષકોની ભારે દાદ મળી. તો ફરી પ્રથા ખાંડેકર એસ ડી બર્મનદાનું ફિલ્મ શર્મિલીમાં લતાજીએ ગાયેલ યાદગાર ગીત 'મેઘા છાયે આધી રાત, બૈરન બન ગઈ નિંદીયા...' પેશ કરીને ઓડિયન્સમાં છવાઈ ગયાં હતાં... પ્રથા ખાંડેકરને જોતાં કદાચ ઘણાંને લાગ્યું હશે કે આ નાનકડી બાળા કેવું ગાતી હશે ! પણ એણે તો પોતાના સ્વર-સૂર પરની પકડથી, રેન્જથી ભારે તાલીમબદ્ધ સુમધુર કંઠનાં કામણથી સાબિત કરી દીધું કે નાની દેખાતી આ કલાકારા બહુ ઊંચા ગજાની ગાયિકા છે. પિતા, દાદા, પ્રદાદાના ઘરમાં જન્મેલી, બાળપણથી જ સાત સૂરોની ગળથૂથી પીધેલી ને સંગીતના સંસ્કારોનો સમૃધ્ધ વારસો પામેલી પ્રથા ખાંડેકર પાવરધી ગાયિકા ન બને તો જ નવાઈ !

ફિલ્મ બસંત બહારમાં બે સમર્થ ક્લાસિકલ સીંગર્સ મન્નાદા અને પંડિત ભીમસેન જોષીજીએ ગાયેલ બે ગાયકોના જોરદાર મુકાબલાનું ગીત 'કેતકી, ગુલાબ, જુઈ ચંપક બન ફૂલે...' અહીં અનિકેતજી તથા પંકજ પાઠકજીએ ખૂબ જમાવ્યું, જેને શ્રોતાઓએ હર્ષભેર વધાવ્યું.

એક એકથી ચડિયાતાં ગીતો અને ગાયકો... રાત જામતી હતી, કાર્યક્રમ રંગ જમાવી રહ્યો હતો... શુદ્ધ કલ્યાણ રાગ આધારિત ફિલ્મ ચોરી ચોરીનું શંકર-જયકિશનના સંગીત નિર્દેશનમાં લતા મંગેશકરે ગાયેલું મેલોડિયસ ક્લાસિકલસોંગ 'રસિક બલમા, દિલ ક્યું લગાયા તોસે...' લઈને આવ્યાં પ્રથા ખાંડેકર, જે સાંભળી સૌ 'સ્પેલ બાઉન્ડ' થઈ ગયાં...

પ્રોગ્રામનું ટાઈટલ સોંગ, ક્લાસિકલ હિંદી ગાન 'અલબેલા સજન આયો રે...' (રાગ આહિર ભૈરવ, ફિલ્મ હમ દિલ દે ચૂકે સનમ) તેમ જ એવું જ ક્લાસિકલ સોંગ જનક જનક તોરી બાજે પાયલિયા... (રાગ દરબારી, ફિલ્મ મેરે હુજૂર) અનિકેતજીના કંઠેથી સાંભળવો એક લ્હાવો બની રહ્યો.

મસ્ત-મધુરાં ને સેમી ક્લાસિકલ ગીતો સાંભળી જાણે સમય પણ થંભી ગયો હતો. કલાકારો જબરદસ્ત તૈયારી સાથે આવ્યા હતા. એક પછી એક ગીતોની રસલ્હાણ થતી હતી... એમાં ફિલ્મ સાંજ સવેરાનું ગીત અજહું ના આયે બાલમા, સાવન બીતા જાય... (પ્રથા તથા અનિકેત ખાંડેકર), રાગ ખીલુ આધારિત, બસંત બહાર ફિલ્મનું ગીત સૂર ના સજે ક્યા ગાંઉ મૈં... લઈને આવેલા નીરજ પાઠક સરસ રજૂઆતથી શ્રોતાઓને રીઝવી ગયા. ફરી પ્રથા ખાંડેકરે ફિલ્મ આમ્રપાલીનું રાગ અલૈરા-બિલાવલમાં ગવાયેલ ગીત જાઓ રે જોગી તુમ જાઓ રે... પેશ કર્યું. કાર્યક્રમના અંતિમ ચરણમાં પ્રસ્તુત થયેલાં ગીતો છોડ દે સારી દુનિયી કિસી કે લીયે..., કિરાત શુક્લે ગાયેલ ભજન ઓ દુનિયા કે રખવાલે, સુન દર્દ ભરે મેરે નાલે... (ગીતકાર શકિલ બદાયુની, સંગીત નૌશાદ), પ્રથા ખાંડેકર અને અનિકેતજી રજૂ કરેલ ફિલ્મ ઈજ્જતનું સાહિર લુધિયાનવી રચિત પહાડી રાગમાં કંપોઝ ડ્યુએટ 'યે દિલ તુમ બિન કહીં લગતા નહીં, હમ ક્યા કરેં...', આનંદ ફિલ્મનું પ્રથા ખાંડેકરે સંભળાવેલું માલકુંજી રાગ આધારિત ગીત જીયા લાગે ના, તેરે બિના મેરા કહીં.... તો ખરેખર સરસ હતાં જ પણ 'અલબેલા સજન'ની અંતિમ પ્રસ્તુતિ , રાગ ભૈરવી આધારિત, ફિલ્મ દિલ હી તો હૈનું મન્નાજીએગાયેલ ગીત લાગા ચુનરી મેં દાગ...માં તો અનિકેતજીએ સાચે કમાલ કરી દીધી. તબલાંવાદક ભાઈ બલવંત સિંધવ તથા કિરાત શુક્લે સાથે મધુબન મેં રાધિકા નાચે રે ગીતમાં એવી જોરદાર સંગત કરી કે પ્રેક્ષકો આફ્રિન થઈ ગયા હતા.

છેલ્લા ગીત સાથે સંચાલિકા લિપિબેન ઓઝાએ કાર્યક્રમ સંપન્નની જાહેરાત કરી ત્યારે સતત ત્રણ કલાક કર્ણપ્રિય, શાસ્ત્રીય રાગ આધારિત યાગદાર ગીતો માણ્યાં છતાં 'મધુરા છતાં રહ્યા અધૂરા'ની અનુભૂતિ સાથે સૌ ઊભાં તયાં હતાં, એવો જાદુ જમાવ્યો હતો આ કાર્યક્રમે.

'અલબેલા સજન' જેવા સુંદર ચિરસ્મરણીય કાર્યક્રમની કલ્પના, ડિઝાઈનીંગ ને આયોજન માટે કલા ગુર્જરીના જયરાજસિંહ સરવૈયા સહિત સૌ સૂત્રધારોને તથા આ પ્રોગ્રામમાં જોડાનાર કૅપિટલ ક્રિએટીવ ક્લબ ઑફ ગાંધીનગરને પણ અભિનંદન.

શાસ્ત્રીય રાગો આધારિત ગીતોના કાર્યક્રમમાં ફ્લ્યુટ, સિતાર, સારંગી, સરોદ જેવાં વાદ્યો લાઈવ હોત તો એની ઓર મજા હોત પણ આ વાજિંત્રો ને એના વાદ્યકારોનું મોટું બજેટ સંસ્થાને પોસાવું પણ જોઈએ ને ! અલબત્ત, શૈલેષ ઠાકર તથા પંકજભાઈ પાઠકે કીબોર્ડ પર સંગીત સંચાલનમાં બધાં જ ગીતોનાં સંગીતમાં વાગતાં તમામ વાજિંત્રોની ખોટ વરતાવા દીધી ન હતી એય નોંધવું જ રહ્યું.